અપીલ અરજી નં.૩૨૮ તા.૪–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ–વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી )

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૪–૧૨–૦૯ ની અરજીથી તા.૮–૯–૦૯ના રોજ કરવામાં આવેલ અરજી બાબતે વિભાગ તરફથી ખાતાકીય શુ શું તપાસ કરવામાં આવી અને સ્થળ પર શું શું તપાસ કરવામાં આવી ઝોન તરફથી ગેરકાયદેસર બાંધકામ બાબતે બી.પી.એમ.સી એકટ ૨૬૦ (૧) (૨) મુજબની નોટીસ આપવામાં આવી છે કે નહિં અને નોટીસ ન આપવામાં આવી તો શા માટે? તમામ તપાસની નકલ તેમજ નોટીસની નકલ ફાળવી માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૨૮/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૪–૧૨–૦૯ ની અરજીથી તા.૮–૯–૦૯ના રોજ કરવામાં આવેલ અરજી બાબતે વિભાગ તરફથી ખાતાકીય શુ શું તપાસ કરવામાં આવી અને સ્થળ પર શું શું તપાસ કરવામાં આવી ઝોન તરફથી ગેરકાયદેસર બાંધકામ બાબતે બી.પી.એમ.સી એકટ ૨૬૦ (૧) (૨) મુજબની નોટીસ આપવામાં આવી છે કે નહિં અને નોટીસ ન આપવામાં આવી તો શા માટે? તમામ તપાસની નકલ તેમજ નોટીસની નકલ ફાળવી માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૧૪૬ તા.૧૨–૧–૧૦ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી વીઆઈડી/આ.નં.૧૪૧૦ તા.૧૮–૧–૧૦ થી અત્રેના વિભાગને અરજદારને પાઠવેલ નં.વીઆઈડી/૧૩૧૬ તા.૨–૧–૧૦ ના માહિતી પત્રની નકલ તથા તેના ડીસ્પેચ અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ, સેન્ટ્રલઝોન તરફથી વીજીલન્સ વિભાગને તબદીલ કરેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૦૬ તા.૭–૧૨–૦૯ ના પત્રન નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારનો તા.૮–૯–૦૯ ના રોજ કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને કરેલી અરજીની નકલ, વીજલન્સ વિભાગે અઠવાઝોનને પાઠવેલ પત્ર નં.વીઆઈડી/૮૩૦ તા.૧૫–૧૨–૦૯ ના પત્રની નકલ, અઠવાઝોને વીજીલન્સ વિભાગને પાઠવેલ પત્ર નં.સા.વે.ઝોન/આ.નં.૫૮૨૪ તા.૨–૧–૧૦ ના પત્રની નકલ, અરજદારની તા.૧૭–૪–૦૯ ની અરજીની નકલ તથા તે અંગે અરજદારને પાઠવેલ પ્રત્યુત્તર નં.સા.વે.ઝોન/અઠવા/૩૪૧૭ તા.૫–૯–૦૯ ના પત્રની નકલ, અરજદારના તા.૮–૯–૦૯ ની અરજીની નકલ ,નોંધ વિભાગની નકલ મળેલ છે. જયારે અરજદારે અપીલ તબકકે તા.૧૯–૧–૧૦ ના રોજ કરેલ પુનઃ રજૂઆત અંગેની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારે તા.૧૭–૪–૦૯ ભટાર રોડ, એટોપનગર સોસા., પ્લોટ નં.એ/૨ ના ગ્રાઉન્ડ ફલોર પર રહેતાં માલિકે મહાનગરપાલિકામાં પ્લાન મંજુર કરતી વખતે ગલી મંજુર કરવામાં આવેલી તે ગલીના છેડા પર જગ્યા એ/૨ ના ગ્રાઉન્ડ ફલોર પર ખોટી રીતે દબાણ કરી ગાર્ડન બનાવવામાં આવેલ છે જે ગેરકાયદેસર હોઈ તોડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ. તથા તા.૮–૯–૦૯ ના રોજ જો ગાર્ડનની મંજુરી આપવામાં આવી હોય તો તેની જાણ કરવા વિનંતી કરેલ જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અઠવા ધ્વારા તેમના તા.૫–૯–૦૯ ના પત્રથી અરજદારને જણાવેલ કે સ્થળ પર તપાસ કરવામાં આવી છે અને સ્થળ ઉપર ટેના ૧ અને ૨ વચ્ચેની માર્જીનલ ખુલ્લી જગ્યામાં ઉત્તર તરફના બંધ ભાગે આશરે ૩.૫૦ /૩.૫૫ ચો.મી. માપ વિસ્તારમાં ટેનામેન્ટ એ/૨ ના માલીકે આપની અરજીમાં જણાવ્યા મુજબ ગાર્ડન બનાવેલ નથી પરંતુ આકાશી ખુલ્લા ઓટલાનું બાંધકામ કરેલ છે જે ડી.સી.આર. મુજબ વાંધા જનક ન હોઈ કશું કરવાનું રહેતું નથી તેવું જણાવી અપીલ અરજી દફતરે કરેલ. ત્યાર બાદ અરજદારે તા.૮–૯–૦૯ ના રોજ અરજી કરી એટોપનગર સોસા.નો પ્લાન મંજુર કરવામાં આવેલ ત્યારથી આ એ/૨ વાળી ગલી ખુલ્લી હતી અને જે ઓટલો પણ બનાવવામાં આવ્યો છે તે ૨૦૦૯ ની ફેબ્રુ. મહીનામાં જે ગેરકાયદેસર છે. જો કાયદેસર ઓટલો તોડવાની કાર્યવાહી કરવામાં ન આવશે તો કોર્ટ કમીશન કરી કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે અને ખર્ચની જવાબદારી અને ખોટા જવાબ અંગે કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે. તેવું જણાવી આ અંગે કાર્યવાહી કરવા જણાવતી અરજી કરવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૪–૧૨–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને અરજી કરેલ જે સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૦૬ તા.૭–૧૨–૦૯ થી વીજીલન્સ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અંગે પ્રતિભાવ ન મળતાં અરજદારે તા.૪–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.વીઆઈડી/૧૩૧૬ તા.૨–૧–૧૦ થી " અરજદારની તા.૮–૯–૦૯ ની અરજીના અનુસંધાને સબંધિત ઝોનમાંથી તપાસ કરતાં આપની સદર અરજીમાં જણાવેલ હકીકત બાબતે સદર ઓટલાની માર્જીનલ જગ્યા ખુલ્લી કરવા અંગેની આગળની કાર્યવાહી અઠવાઝોન ધ્વારા ચાલુ છે. તેવી માહિતી આપવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે અપીલ તબકકે તા.૧૯–૧–૧૦ થી પુનઃ રજૂઆત કરેલ છે. જેમાં મુદ્દા નં.૧. માહિતીનો જવાબ સંતોષકારક તેમજ સાચો નથી .મુદ્દા નં.૨. તા.૮–૯–૦૯ ની અરજી બાબતે ખાતાકીય

શું તપાસ કરવામાં આવી તેની કોઈ જાણકારી આપવામાં આવી નથી શા માટે? તેમજ સ્થળ પર વીજીલન્સ વિભાગે શું તપાસ કરી તેની વિગત પણ આપવામાં ન આવી શા માટે? મુદ્દા નં.૩ ઝોન તરફથી નોટીસ આપવામાં આવી છે કે કેમ તેની કોઈ જાણકારી આપવામાં આવી નથી તેમજ નોટીસની નકલ પણ ફાળવેલ નથી. શા માટે? મુદ્દા નં.૪. સમય મર્યાદામાં માહિતી મળેલ ન હોય એટલે કે તા.૪–૧–૧૦ ના રોજ અપીલ અધિકારીને અપીલ કરવામાં આવેલ છે જે માહિતી મને મળેલ છે જેના પરથી વીઆઈડી/૧૩૧૬ તા.૨–૧–૧૦ લખીને મોકલાવેલ છે પરંતુ મને સમય મર્યાદામાં મળવાને બદલે સમય મર્યાદા બાદ મળેલ છે એટલે ચાર પાંચ દિવસ પહેલા મળેલ છે એટલે તા.૧૮–૧–૧૦ ની અપીલ કરતાં પહેલા ચાર પાંચ દિવસ પહેલા મળેલ છે. તેવી રજૂઆત કરેલ છે.

સમગ્ર હકીકત જોતાં અરજદારે તા.૮–૯–૦૯ ની અરજી બાબતે સદર વિભાગ તરફથી ખાતાકીય તપાસ અને બીપીઅુમસી એકટ–૨૬૦(૧)(૨) મુજબ નોટીસની માહિતી માંગેલ છે. જે બાબતે અરજદારને સ્થળ તપાસ અંગેની માહિતી નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૩૪૧૭ તા.૫–૯–૦૯ થી આપેલ જણાય છે. જયારે નોટીસ અંગેની માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. વીજીલન્સ વિભાગ તરફથી પણ નં.વીઆઈડી/૧૩૧૬ તા.૨–૧–૧૦ થી આપેલી માહિતમાં જગ્યા ખુલ્લી કરવાની કાર્યવાહી અઠવાઝોન ધ્વારા ચાલુ છે પરંતુ તે અંગે ખાતાકીય તપાસના સંદર્ભની માહિતી પૂરી પાડવામાં આવી હોય તેવું જણાતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી વીજીલન્સ ધ્વારા કોઈ તપાસ કરેલ હોય તો તેની વિગત તથા ઝોન કક્ષાએથી નોટીસ સબંધી કોઈ કાર્યવાહી થયેલ હોય તો તેમ અન્યથા દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,